ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૩/૪/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,

ભાવનગર.

<u>અખબારી યાદી</u>

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તખ્તેશ્વરની તળેટી પર સૂર્યાસ્ત સમયે **ચંદ્રગ્રહણને** ટેલીસ્કોપ દ્વારા નિહાળવાનો અનેરો અવસર

બ્રહ્માંડ એક અકલ્પનીય રૂપે વિશાળ સ્થાન છે. જેમાં ગ્રહો અને તારાઓના પરિભ્રમણથી જુદી–જુદી ખગોળિય ઘટના રચાતી હોય છે. જયારે સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર સીધી રેખામાં આવે તેમજ ચંદ્રની સપાટી પર પડતો સીધો સૂર્ય પ્રકાશ પૃથ્વીના પડછાયા દ્વારા રોકાય ત્યારે સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટના બને છે. તા.૪ એપ્રિલ શનિવારના રોજ આવીજ સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટના નભમંડળમાં રચાનાર છે.

આ રોમાંચક ખગોળીય ઘટનાને જનસમુદાય સુધી પહોંચાડવાના આશયથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **<u>તા.૪ એપ્રિલને શનિવારના રોજ સાંજના ૬:૫૯ થી ૭:૨૦ કલાક દરમિયાન તખ્તેશ્વર મંદિર, ભાવનગર</u>** ખાતે ટેલિસ્કોપ દ્વારા આ અનેરા અવસરને નિહાળવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ ખગોળદર્શનના કાર્યક્રમમાં છેલ્લા ૩૩ વર્ષથી આ ક્ષેત્રેની કામગીરીનો અનુભવ ધરાવનારા જાણીતા ખગોળપ્રેમી પ્રા.સુભાષભાઈ મહેતા સંપૂર્ણ ચંદ્રગ્રહણની ખગોળિય ઘટનાની વિશેષ જાણકારી આપશે.

આ અવકાશી નજારાને નિહાળવા ભાવનગરની ખગોળપ્રેમી જનતાને લાભ લેવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

P.P. Trivedi
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.